Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre**

**[Estb.: Govt. of Gujarat]**

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429) FAX No.: (0281) 2576347 E-mail Id: dbachair@sauuni.ac.in**

**પરિશિષ્ટ–૩**

# ત્રિસ્તરીય વક્તૃત્વ સ્પર્ધા યોજના–૨૦૨૩–૨૪ની માર્ગદર્શિકા

## બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

**(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫**

**BAC/ત્રિસ્તરીય વકતૃત્વસ્પર્ધા/ ૨૦૨૪–૨૫, તા.૦૪/૦૪/૨૦૨૪**

વંચાણે લીધા

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૦૪/૦૪/૨૦૨૪ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

## (૧) ભૂમિકા :

બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર વીસમી સદીના એક મહાન રાષ્ટ્રીય નેતા હતા. તેઓ એક બૌદ્ધિક, વિદ્વાન અને મુત્સદી હતા અને રાષ્ટ્ર નિર્માણમાં તેઓનો અનન્ય, અવિસ્મરણીય ફાળો છે. તેઓએ કચડાયેલા અને બહિષ્કૃત જનસમુદાયને મુક્ત કરવા અને લાખો દબાયેલા વર્ગોના માનવ અધિકારોને સુરક્ષિત કરવા માટે અનેક ચળવળો કરી. સ્વતંત્ર ભારતના બંધારણના નિર્માણમાં તેમણે તેમના અમૂલ્ય યોગદાન દ્વારા અવિશ્વનીય છાપ છોડી દીધી છે. તેઓ સામાજિક ન્યાયને હાંસલ કરવા માટે સંઘર્ષનું પ્રતીક છે.

રાષ્ટ્ર એક સુપર પાવર તરીકે ટોચ પર તેના નિર્ધારિત ગન્તવ્ય સ્થાન તરફ ઝડપી વિકાસ તરફ જઈ રહ્યું છે. સામાજિક ન્યાય અને સમાનતા પર આધારિત સમાજ એ મહાન સિદ્ધિઓમાની એક ઉપલબ્ધિ છે. એક જાગૃત યુવાન દેશની પ્રગતિને આગળ વધારશે એટલું જ નહીં પણ દેશને તે હજુ પણ ઉચ્ચ સ્તર સુધી લઈ જશે.

ગુજરાત સરકારશ્રી દ્વારા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરજીના જીવન અને કાર્યોને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસના ભાગ રૂપે વર્ષ ૨૦૦૩માં ગુજરાતની બધી જ યુનિવર્સિટીઓમાં ‘બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર ચેર’ શરૂ કરવામાં આવી હતી, જેમાં પ્રત્યેક યુનિવર્સિટીમાં રૂા.૫(પાંચ) લાખની ગ્રાન્ટ ફાળવી અને તેમના વ્યાજમાંથી ચેરની કામગીરી કરવાની જોગવાઈ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૬માં બાબાસાહેબ ડૉ. આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતીને અનુલક્ષીને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પાંચ યુનિવર્સિટીઓમાં બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર ચેરના સેન્ટરો ઊભા કરવા માટે પ્રતિવર્ષ ગ્રાન્ટઈન એઈડ ધોરણે રૂા. ૩૫ લાખની ગ્રાન્ટ મંજૂર કરતો ઠરાવ તા.૨૯/૦૪/૨૦૧૬ ના રોજ કરવામાં આવ્યો અને તેની ગ્રાન્ટ યુનિવર્સિટીને ફાળવવામાં આવી છે.

## (૨) ઉદ્દેશો :

- ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ડૉ. આંબેડકરજીના ચિંતનથી અવગત કરવા.
- ભારતીય બંધારણમાં સ્થિત સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોને યુવાનો સુધી પહોંચાડવવા.
- સમરસ સમાજનું નિર્માણ થાય તેવા ડૉ.આંબેડકરજીના ચિંતન પ્રત્યે યુવાનોને જાગૃત કરી ભારતીય લોકશાહીને સુદઢ કરવા.
- We are Indian, Firstly and Lastly એ વાક્યાર્થને ચરિતાર્થ કરી આંબેડકરજીના આ વિચારથી યુવાનોને અભિમુખ કરવા અને રાષ્ટ્ર નિર્માણમાં સ્વ યોગદાન અંગે જાગૃતિ કેળવવી.

(૩) **પાત્રતા :**

(અ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારની બધી જ કોલેજો, ભવન/વિભાગો, સ્નાતક, અનુસ્નાતક અને Ph.D જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

(બ) આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરી જે–તે કોલેજ ભવનનું નામ અને વર્ષ તેમજ આઈકાર્ડ ધરાવતા કોઈ પણ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

(૪) **વક્તૃત્વસ્પર્ધાના વિષય અને માધ્યમ**

(૧) વક્તૃત્વ સ્પર્ધાનો વિષય : **પ્રતિ વર્ષ નક્કી કરી જાહેર કરવામાં આવશે.**

(૨) વક્તવ્યનું માધ્યમ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી રહેશે.

(૫) **વક્તૃત્વ સ્પર્ધાની ભાષા ગુજરાતી, હિન્દી , સંસ્કૃત અથવા અંગ્રેજીમાં રહેશે.**

(૬) વકતૃત્વ સ્પર્ધામાં પ્રત્યેક કક્ષામાં કુલ ૫(પાંચ) વિજેતાઓને **"ભીમપ્રજ્ઞા પુરસ્કાર સાથે પ્રમાણપત્ર"** બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવશે.

(૭) **વકતૃત્વ સ્પર્ધા અને ભીમપ્રજ્ઞા પુરસ્કારની વિગત :**

પ્રાથમિક,માધ્યમિક અને કોલેજ એમ પ્રત્યેક સ્તરમાં ૧ થી ૫ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને 'ભીમપ્રજ્ઞા પુરસ્કાર' નીચે મુજબ આપવામાં આવશે.

૧. પ્રથમ ક્રમાંક રૂા. ૫,૦૦૦/–

૨. દ્વિતીય ક્રમાંક રૂા. ૪,૦૦૦/–

૩. તૃતીય ક્રમાંક રૂા.૩,૦૦૦/–

૪. ચતુર્થ ક્રમાંક રૂા. ૨,૦૦૦/–

૫. પાંચમાં ક્રમાંક રૂા.૧,૦૦૦/–

(૮) **વક્તૃત્વ સ્પર્ધા યોજનાની જાહેરાત :**

આ સ્પર્ધા અંગેની જાહેરાત www.bac.org.in વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે આ ઉપરાંત રજિસ્ટ્રેશન ફોર્મ અને વકતૃત્વ સ્પર્ધા અંગેના નિયમો વેબ–સાઈટ પર મૂકવામાં આવશે.

## (૯) સ્પર્ધાના નિયમો :

(૧) આ સ્પર્ધામાં સ્તર મુજબ લાયકાત ધરાવતા **ધોરણ–૬ થી Ph.D.**સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.
(૨) વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થી પોતાનું વકતવ્ય ગુજરાતી, હિન્દી, સંસ્કૃત કે અંગ્રેજી ભાષામાં આપી શકશે.
(૩) વકતવ્યની સમય મર્યાદા ૧૦ મિનિટની રહેશે.
(૪) જે–તે ભવન/કૉલેજ કે સંસ્થાના વિદ્યાર્થીઓને પોતાનું ઓળખપત્ર સાથે રાખવું ફરજિયાત રહેશે.
(૫) વકતવ્યનો સમય ચેર–સેન્ટરનો સમય માન્ય રહેશે.
(૬) સ્પર્ધામાં નિર્ણાયકોનો નિર્ણય આખરી અને માન્ય ગણાશે.
(૭) સ્પર્ધકે પોતાના વકતવ્યની એક હાર્ડ કોપી સ્પર્ધા પૂર્ણ થયે ચેરમાં જમા કરાવવી.
(૮) સ્પર્ધામાં આવતા સ્પર્ધકોને કોઈપણ પ્રકારનું T.A.,D.A. આપવામાં આવશે નહીં.

## (૧૦) વકતૃત્વ સ્પર્ધા મૂલ્યાંકનની પદ્ધતિ :

વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના વકતવ્યનું મૂલ્યાંકન ચેર–સેન્ટર દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાંત દ્વારા નીચે પ્રમાણેના માપદંડની ગુણવતાના આધારે ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ | ગુણાંકન |
|---|---|---|
| ૧. | વિષયવસ્તુની રજૂઆત | ૫૦ |
| ૨. | વિશ્લેષણ અને અર્થઘટન | ૨૦ |
| ૩. | પ્રસ્તુતિકરણ | ૧૫ |
| ૪. | અભિવ્યક્તિ | ૧૫ |
| | કુલ ગુણાંકન | ૧૦૦ |

**(૧૧) નિર્ણાયક :** ચેર–સેન્ટર દ્વારા ત્રણ નિર્ણાયકો રાખવામાં આવશે જેમને નિયમાનુસાર T.A.,D.A. અને રૂા.૧,૫૦૦/– પુરસ્કાર આપવામાં આવશે.

## (૧૨) વિજેતાની જાહેરાત :

વિજેતા વિદ્યાર્થીઓના નામની યાદી ચેર–સેન્ટરની વેબસાઈટ www.bac.org.in પર પ્રકાશિત કરવામાં આવશે.

## (૧૩) ભીમપ્રજ્ઞા પુરસ્કારનું વિતરણ :

વિજેતા ઉમેદ્વારોને ભીમપ્રજ્ઞા પુરસ્કારની રકમ તેમના બેંક એકાઉન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જમા આપવામાં આવશે.

પ્રો.(ડૉ.) આર.એન.કાથડ
ચેરમેન, (BAC)

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre**

**[Estb.: Govt. of Gujarat]**

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429) FAX No.: (0281) 2576347 E-mail Id: dbachair@sauuni.ac.in**

# વકતૃત્વ સ્પર્ધા રજિસ્ટ્રેશન ફોર્મ

૧. સ્પર્ધાનું સ્તર : ઉચ્ચ પ્રાથમિક (ધો–૬થી૮) ( ) માધ્યમિક (ધો.૯થી૧૨) ( ) કૉલેજ કક્ષા ( )

૨. સ્પર્ધકનું નામ : ..........................................................................................................

૩. કાયમી સરનામું : ..........................................................................................................

..........................................................................................................

૪. શાળા/મહાશાળા/સંસ્થાનું સરનામું : ..........................................................................................................

૫. ધોરણ ..........................................................................................................

૬. મોબાઈલ નંબર : .......................................... વોટ્સઅપ નં. ..........................................

૭. ઈ–મેઈલ : ..........................................................................................................

હું જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત સત્ય છે. તથા આ ચેર–સેન્ટરના નિયમો અને શરતોને સ્વીકારું છું. આ વકતૃત્વસ્પર્ધામાં વિદ્યાર્થીએ પોતાની શાળા/કોલેજ/ યુનિવર્સિટી કે સંસ્થાનું ઓળખપત્ર લઈને આવવાનું છે અને ઓળખપત્ર વગર આ વકતૃત્વ સ્પર્ધામાં પ્રવેશપાત્ર નથી તે હું જાણું છું.

..............................................

સ્પર્ધકની સહી :